Club Id : 52203

Charter Dt : 02/06/1999

# ROTARY CLUB OF SURAT EAST

RI YEAR : 2020-2021

અંક : ૦૨ તા.: ૦૧/૦૯/૨૦૨૦

| HOLGER KNAACK | Rtn.PRASHANT JANI | Rtn.JAGDISH VAGHASIA | Rtn.KETAN PATEL | Rtn.AMULAKH SAVANI |
|---|---|---|---|---|
| RI. President | District Governor | Club President | Club Secretary | Editor |

e-bulletin

## અપેક્ષા



**Rtn. Dr.Jagdish Vaghasia**
Club President

નમસ્કાર રોટેરીયન મિત્રો,

આપ કુશળ હશો,

ઓગસ્ટ મહિનો એટલે વર્ષાઋતુનો મહિનો. ઓગસ્ટ મહિનો એટલે તહેવારોનો મહિનો, ઓગસ્ટ મહિનો એટલે આનંદ કરવાનો મહિનો, ઓગસ્ટ મહિનો એટલે રાષ્ટ્રીય તહેવારનો મહિનો. મિત્રો, આ મહિનામાં એટલા બધા ધાર્મિક તહેવારો આવે છે કે આપણને મજા પડી જાય. ખરૂને! રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ચર્તુથી વગેરે વગેરે... સાથે સાથે આપણો રાષ્ટ્રીય તહેવાર પણ ખરો જ... ૧૫ મી ઓગસ્ટ-સ્વાતંત્ર્ય દિવસ અને વળી એના પછી વર્ષાઋતુ. મિત્રો, આટલા બધા તહેવારો હતા છતા મને લાગે છે કે આ વખતે આખો મહિનો તહેવાર ઉજવણીની દ્રષ્ટીએ શુષ્ક રહયો, કારણ.....કોરોના. છેલ્લા ૬ મહિનાથી આપણે બધા કોરોના કોરોના કરીએ છીએ પરંતુ હવે મને લાગે છે કે કોરોના છે ખરો..!! પરંતુ આપણે તેને આપણા મસ્તીષ્કમાંથી તીલાંજલી આપવી પડશે. હા, પણ આપણે સુરક્ષિત ચોકકસથી રહેવાનું છે. સુરક્ષા પણ કેળવવાની છે. પણ મગજમાંથી કોરોનાનું ભુત હવે કાઢી સ્વસ્થ થઈ નવા વિચારો, નવા ઉમંગો અને નવી આશાઓ સાથે કામ ચાલુ કરીએ. તો ચાલો સૌ પોતપોતાના જુના અને મહામારીમા જે કોઈ નવા બિઝનેસ ચાલુ કર્યા હોય તો તેમાં તન મન અને ધનથી લાગી પડીએ, અને સમય મળ્યે સાથે સાથે રોટરીની પ્રવૃતિમાં પણ સાથ આપીએ.

આપને અને આપના પરિવારજનોને જન્માષ્ટમી, રક્ષાબંધન, ગણેશ ચતુર્થી અને રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિવસની ખુબ ખુબ શુભકામનાઓ.






UNITY BRANDING - 97276 75000



Rtn. Ketan Patel
Club Secretary

**૦૨/૦૮/૨૦૨૦, રવિવાર**

રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા ફ્રેન્ડશીપ ડે ના દિવસે વૃક્ષારોપણનો કાર્યક્રમ મોટા વરાછા ખાતે, રાખવામાં આવેલ જેમાં ૧૦૦ જેટલા વૃક્ષો વાવી તેની જાળવણી કરવાના સંકલ્પ સાથે ફ્રેન્ડશીપ ડે ની અલગ અંદાજમાં ઉજવણી કરવામાં આવી હતી.

રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા વર્ષા ઋતુમાં વૃક્ષારોપણનું કાર્ય કરે છે. રોટરી ક્લબ સુરત ઈસ્ટ દ્વારા આ વર્ષે કોરોના મહામારીને કારણે ક્લબ ના સભ્યોને પોતાના ઘરે એક વૃક્ષ વાવવાનું નક્કી કરેલ જેમાં ઘણા મિત્રો એ પોતાના ઘરે વૃક્ષ / તુલસી નો છોડ પણ વાવીને પર્યાવરણ ની જાળવણીની પ્રયાસ કરેલ. આ કાર્યક્રમ રોટરી ક્લબ સુરત ઈસ્ટ ના પ્રમુખ શ્રી ડૉ. જગદીશ વઘાસીયા ના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ ચેરમેન રો. શૈલેશ વઘાસીયા અને કો. ચેરમેન રો. મનહરભાઈ વોરા એ સેક્રેટરી રો. કેતન પટેલ સાથે સંકલન કરી સારી રીતે પાર પાડેલ અને આ કાર્યક્રમમાં રોટરેક્ટ ક્લબ સુરત ઈસ્ટ અને રોટરેક્ટ ક્લબ ઓફ કર્ણભૂમિ સુરત ઈસ્ટ અને ઈનરવીલ ક્લબ ઓફ સુરત ઈસ્ટની બહેનોએ પણ વૃક્ષો વાવી સહભાગી થયેલ.

**૦૪/૦૮/૨૦૨૦, મંગળવાર**

રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ સંચાલિત મન મંદિર સ્ટ્રેસ નિવારણ કેન્દ્ર અંતર્ગત "ચાલ જીવી લઈએ" કાર્યક્રમનું આયોજન કરેલ હતું, જેમાં મુખ્ય વકતા તરીકે આદરણીય પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી એ લોકોમાં તણાવ વગર કઈ રીતે જિંદગી જીવી શકાય એ વિશે માર્ગદર્શન આપેલ, આ કાર્યક્રમ મા મુખ્ય મહેમાન તરીકે રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૬૦ ના ગવર્નર રો. પ્રશાંત જાની અને અતિથિ વિશેષ તરીકે સમાજ અગ્રણી અને મનમંદિર સ્ટ્રેસ નિવારણ કેન્દ્રના દાતા અને યુરો ફ્રેશ ફૂડ ના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી મનહરભાઈ સાંચપરા ઉપસ્થિત રહ્યા હતા.
આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રવર્તમાન સમયમાં લોકો તનાવભરી જિંદગીમાં જીવી રહ્યા છે ત્યારે આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે અને લોકો માં તણાવ વધી રહ્યો છે, હાલમાં ઘણા લોકો આર્થિક અને માનસિક સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે, ત્યારે આ કાર્યક્રમ ના માધ્યમ થી સ્વામીજી ના માર્ગદર્શન થી ઘણા લોકો ની જિંદગીમાં બદલાવો આવશે અને ફાયદો પણ થશે. ઝૂમ મીટિંગ માં ૫૦૦ લોકો જોડાયા હતા અને ઘણા લોકો સ્વામીજીને સાંભળવા ઉત્સુક હતા તેવા લોકો માટે ફેસબુક લાઈવ ના માધ્યમ થી સ્વામીજી ના પ્રવચન નો લાભ લીધો હતો, કાર્યક્રમ ને સફળ બનાવવા રોટરેક્ટ ક્લબ ઓફ સુરત ઈસ્ટ તથા રોટરેક્ટ ક્લબ ઓફ કર્ણભૂમિ સુરત ઈસ્ટ સાથે ઈનરવિલ ક્લબ ઓફ સુરત ઈસ્ટ ના મેમ્બર પણ હાજર રહેલ.
આ કાર્યક્રમને સફળ બનાવવામાં રોટરી ક્લબ ઓફ સુરત ના પ્રેસિડેન્ટ ડો.જગદીશ વઘાસીયા તથા સેક્રેટરી રો. કેતન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઈવેન્ટ ના ચેરમેન ડો. કેતન ધામી અને કો-ચેરમેન કલ્પેશ બલરે ભારે જહેમત ઊઠાવી હતી, કાર્યક્રમનું સંચાલન મંદિર સ્ટેશન નિવારણ કેન્દ્ર ના ચેરમેન રો. ભાવેશ ગઢીયા તથા સમગ્ર ઝૂમ મીટીંગ નું સંચાલન અને ટેકનિકલ સપોર્ટ રોહિત પાનસુરીયા અને તેની ટીમે કરેલ.

**૦૯/૦૮/૨૦૨૦, રવિવાર**

ડીસ્ટ્રીક્ટ મેમ્બરશીપ સેમીનારનું આયોજન સચિન ક્લબ દ્વારા કરવામાં આવેલ જેમાં આપણી ક્લબમાંથી પણ 52 રજીસ્ટ્રેશન થયેલ અને ઓનલાઈન મીટીંગમાં હાજરી આપેલ.


UNITY BRANDING - 97276 75000

**૧૦/૦૮/૨૦૨૦, સોમવાર**

સુરત એરિયાની બધી ક્લબના પ્રેસિડેન્ટ શ્રી ડો. ધવલ પટેલ સાથે થયેલ જેમાં, સરકાર શ્રી સાથે રહીને રોટરી શું મદદ કરી શકે એ વિષે ચર્ચા થઈ અને તેમાં ઔદ્યોગિક વિસ્તાર માં માસ્ક અને એન્ટીજન ટેસ્ટ કરવા નું નક્કી કરેલ આ મીટીંગમાં પ્રમુખશ્રી રો.ડો.જગદીશ વઘાસીયા અનિવાર્ય સંજોગો ને કારણે હાજર રહી શકેલ નહિ પરંતુ કલબ પાસ્ટ પ્રેસિડેન્ટ અને હાલ માં AG રો. CA મિહિર ઠક્કરે હાજરી આપેલ.

**૧૫/૦૮/૨૦૨૦, શનિવાર**

આજ રોજ રોટરી ક્લબ સુરત દ્વારા ૭૪ માં સ્વતંત્ર પર્વ ની ઉજવણી વિઝડમ સ્કુલ ખાતે કરવામાં આવેલ. જેમાં રોટરી કલબ સુરત ઈસ્ટ ના પ્રમુખ શ્રી અને પ્લાઝમા ડોનર એવા ડો. જગદીશ વઘાસીયા તેમજ વિઝડમ સ્કુલ ના મેનેજીંગ ડીરેક્ટર શ્રી નરેશ લક્કડ દ્વારા કોરોના માંથી સાજા થયેલ અને પ્લાઝમા ડોનેશન કરેલ એવા અન્ય બે તબીબ મિત્રો ડો. અમુલખ સવાણી, ડો. કિશોર દુધાત નું સ્મૃતિભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે સુરત ના જાણીતા સ્કીન સ્પેશિયાલિસ્ટ અને નેસકા (નોર્થ ઈસ્ટ સુરત મેડીકલ કન્સલ્ટન્ટ એસોસિએશન)ના પ્રમુખ શ્રી ડો.જગદીશ સખીયા,રોટરી પાસ્ટ પ્રેસિડેન્ટ ભાવેશ ગઢિયા તેમજ ઈનર વ્હીલ ક્લબ ના પ્રમુખ શ્રીમતિ વીનાબેન પટેલ અને રોટરેકટ ક્લબ ઓફ કર્ણભૂમિ ના પૂર્વ પ્રમુખ શ્રી મિલન ગજેરા અને તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું આયોજન વિઝડમ સ્કુલ દ્વારા કરવામાં આવેલ.

**૧૯/૦૮/૨૦૨૦, બુધવાર**

અન્વીક્ષા-ટ્રેનીંગ સેમીનાર

કલબની સ્પીકર મિટીંગનું આયોજન થયેલ જેમાં નવા રોટેરીયન મિત્રોને રોટરી વિષે માહિતી મળે તે માટે કલબ ટ્રેનર પાસ્ટ પ્રેસિડેન્ટ રો.ભાવેશ ગઢીયા દ્વારા સુંદર મજાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્પીકર તરીકે પાસ્ટ પ્રેસિડેન્ટ રો.રાજેશ વઘાસિયા, પાસ્ટ પ્રેસિડેન્ટ CA મિહિર ઠકકર તેમજ કલબ કો.ટ્રેનર રો.ભાર્ગવ પટેલ દ્વારા ખુબ સરસ માહિતી આપવામાં આવેલ.

**૨૨/૦૮/૨૦૨૦, શુક્રવાર**

બોરખડી, ડાંગ જીલ્લાની અંતરીયાળ આશ્રમ શાળામાં આશરે ૩૦૦ જેટલી બાળાઓ અભ્યાસ કરે છે. શાળામાં ઈન્વેર્ટર અને ટયુબ લાઈટની જરૂરીયાત હોઈ શાળાના રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા ઈન્વેર્ટર તથા ટયુબલાઈટ અર્પણ કરેલ, સાથે સાથે ઈનરવ્હીલ કલબ દ્વારા માસ્ક વિતરણ કરેલ. આ પ્રોજેકટમાં રો.ભાવિન સાવલિયા તરફથી રૂ.૧૦,૦૦૦, રો.આશિષ મોવલિયા તરફથી રૂ.૫૧૦૦, રો.હિંમતભાઈ ધોળકિયા તરફથી રૂ.૪૦૦૦, રો.ઘનશ્યામભાઇ ખુંટ, ડો.અરવિંદ શિરોયા, રો.ધીરેન શિહોરા તરફથી રૂ.૨૫૦૦ તેમજ ઘનશ્યામભાઈ પાંચાણી તરફથી રૂ.૨૧૦૦ નું અનુદાન મળેલ તમામ રોટેરીયન મિત્રોનો ખુબ ખુબ આભાર.

**૨૨/૦૮/૨૦૨૦, શુક્રવાર**

રો.પરેશ પટેલ દ્વારા “Online Education Discipline” નવી સમજણ-નવો અભિગમ વિષય પર બાળકો માટે જ્ઞાનસભર માહિતી આપવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં વાલીઓ, બાળકો જોડાયેલ. આ કાર્યક્રમમાં વાલીઓને મુંજવતા પ્રશ્નોની રો.ડો.પરેશ પટેલે સરળ શૈલીમાં સમજણ આપેલ.

**૨૩/૦૮/૨૦૨૦, શનિવાર**

ડિસ્ટ્રીકટ પ્રોજેકટ અન્નપુર્ણા, ભુખ્યાને ભોજન અંતર્ગત, રોટેરીયન મિત્ર અને કલબ પાસ્ટ પ્રેસિડેન્ટ રો.મિહિર ઠકકરના સુપુત્ર પર્વ અને રો.હિતેશ વેકરીયાના સુપુત્ર માહિરના જન્મદિવસ નિમિતે બંને મિત્રોના અનુદાનથી દીપ સંસ્કાર અન્નક્ષેત્ર, સીમાડા રોડ ખાતે સવારમાં ૩૦૦ જેટલા શ્રમિકોને ફ્રુટ, ટુવાલ, બિસ્કીટ, હાથરૂમાલ અને

માસ્કનું વિતરણ કરેલ, જેમાં માસ્કનું સૌજન્ય રો.આશિષ મોવલીયા અને ઈનરવ્હીલ બંનેનો તરફથી મળેલ આમ આ કાર્યક્રમ રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ અને ઈનરવ્હીલ કલબ ઓફ સુરત ઈસ્ટના સહયોગથી થયેલ છે. આ કાર્યક્રમમાં પાસ્ટ પ્રેસિડેન્ટ રો.અરવિંદ ધડુક તથા રો.ભરત કિકાણી સાથે રો.પ્રેસીડેન્ટ રો.જગદિશ વઘાસિયા અને ઈનરવ્હીલ પ્રેસીડેન્ટ વિના પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. તથા રોટરેકટ કલબ ઓફ કર્ણભુમિ પ્રેસિડેન્ટ રો.નિકુંજ હિરપરા અને સેક્રેટરી રો.સચીન વેજપરા અને અન્ય રોટરેકટર મિત્રો પણ ઉપસ્થિત રહેલા.

**૨૬/૦૮/૨૦૨૦, બુધવાર**

રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા આજરોજ જીવન વિકાસ વિષય પર એક સેમિનારનું આયોજન કરેલ. જેમાં વકતા તરીકે સુરત શહેરના નામાંકિત પ્રોફેસર અને શિક્ષણવિદ અને સાહિત્યક્ષેત્રે જેમણે ખુબ ઉંડાણપુર્વક અભ્યાસ કરેલ છે એવા પ્રોફેસર અશ્વિન દેસાઈ એ આજની યુવા પેઢી અને વડીલો પ્રત્યે અને પરિવાર પ્રત્યેની જવાબદારી વિશે ખુબ વિસ્તૃતમાં માહિતી આપેલ, મધ્યમ વયના લોકો માટે પણ સમજણ આપેલ, આ કાર્યક્રમમાં સુરતની તેમજ સૌરાષ્ટ્રની અન્ય રોટરી કલબના મિત્રો જોડાયેલા હતા. સેમિનારનું સંકલન પ્રેસિડેન્ટ રો.જગદિશ વઘાસિયા, રો.કેતન પટેલ અને ટીમ વતી રો.ભાવેશભાઈ ગઢીયાએ કરેલ. આ કાર્યક્રમમાં ઈનરવ્હીલ પ્રેસીડેન્ટ વીણા પટેલ, રોટરેકટ કલબ ઓફ કર્ણભુમિ પ્રેસીડેન્ટ નિકુંજ હિરપરા, સેક્રેટરી સચીન વેજપરા તેમજ અન્ય રોટરેકટર મિત્રો હાજર રહેલ.

**૨૯/૦૮/૨૦૨૦, શનિવાર**

રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટની બીજી બોર્ડ મિટીંગ મળેલ, તેમાં સપ્ટેમ્બર માસના આગામી કાર્યક્રમ અંગે ચર્ચા કરેલ.

## આગામી કાર્યક્રમો (સપ્ટેમ્બર)

| | |
|---|---|
| તા.૦૨/૦૯/૨૦૨૦ | કારકિર્દી સેમીનાર અને કાઉન્સેલીંગ |
| તા.૦૫ & ૦૬/૦૯/૨૦૨૦ | બુલેટ સવારી (સાપુતારા) |
| તા.૦૯/૦૯/૨૦૨૦ | રેગ્યુલર મિટીંગ |
| તા.૧૬/૦૯/૨૦૨૦ | રેગ્યુલર મિટીંગ |
| તા.૨૩/૦૯/૨૦૨૦ | રેગ્યુલર મિટીંગ |
| તા.૩૦/૦૯/૨૦૨૦ | રેગ્યુલર મિટીંગ |

## ડિસ્ટ્રીકટ આગામી કાર્યક્રમો

06/09/2020 - Public Image Seminar

13/09/2020 - "Rotary ki khatti mitthi baate" by Rotary Club of Surat and Surrounding areas.

## જન્મદિન શુભેચ્છા સપ્ટેમ્બર-૨૦૨૦

| | |
|---|---|
| 01/09/2020 | રો.ડો.વસંત ગજેરા |
| 04/09/2020 | રો.ભાવેશ વઘાસિયા |
| 04/09/2020 | રો.દિનેશભાઈ વઘાસિયા |
| 07/09/2020 | રો.મિલનકુમાર દેસાઈ |
| 28/09/2020 | રો.હિતેશ હિરપરા |




''દુઆ છે અમારી ફુલોની જેમ
મહેકે જીંદગી તમારી...
જન્મદિવસની હાર્દિક શુભકામના..

UNITY BRANDING - 97276 75000

# રોટરી ઈન્ટરનેશનલ વિશે જાણવા જેવું




**Rtn. Amulakh Savani**
Bulletin Editor


Rotary International is an international service organization whose stated purpose is to bring together business and professional leaders in order to provide humanitarian service and to advance goodwill and peace around the world. It is a non-political and non-religious organization open to all. There are over 35,000 member clubs worldwide, with a membership of 1.2 million individuals, known as Rotarians.

The first Rotary Club was formed when attorney Paul P. Harris called together a meeting of three business acquaintances in downtown Chicago, United States, at Harris's friend Gustave Loehr's office in the Unity Building on Dearborn Street on February 23, 1905. In addition to Harris and Loehr (a mining engineer and freemason, Silvester Schiele (a coal merchant), and Hiram E. Shorey (a tailor) were the other two who attended this first meeting. The members chose the name Rotary because initially they rotated subsequent weekly club meetings to each other's offices, although within a year, the Chicago club became so large it became necessary to adopt the now-common practice of a regular meeting place. Rotary International has worked with the UN since the UN started in 1945. At that time Rotary was involved in 65 countries. The two organizations shared ideals around promoting peace. Rotary received consultative status at the UN in 1946–47.During the Third Reich, Rotary Clubs were grouped with Freemasonry as secret societies associated with Jews and banned Nazi officials from joining them. This was reversed in July 1933 after appeals but the club was forced to ban all Jews from membership. This led to several non-Jews quitting in solidarity. In order to survive the members tried to show their loyalty to the Nazi leadership, inviting government officials and high standing businesspeople like Hermann Schlosser who was a business manager for Degesch which supplied Zyklon B for use at Auschwitz-Birkenau.

After 1945, the Rotary club tried to control the damage by preventing members such as Hans Globke and Wolfgang A. Wick from being appointed presidents. Rotary develops character and brings out the best of the human spirit. It teaches people ethics, humanity, cultural awareness, people skills and the desire and ability to serve. Rotary creates a more positive environment for promoting world understanding and peace. Rotary always benefits two people.



**Holger Knaack**
RI President

વાણી, વિચાર અને વર્તનની ચતુર્વિધ કસોટી,
શું એ સત્ય છે.? એ જાણનારને વંદન કોટી કોટી.

શું બધા જ નિયમો, હરકોઈને ઉપયોગી હોય છે.?
દરેક સંબંધ ધરાવનાર માટે, ઉચ્ચીત છે આ મોતી?

નેહના નાતે બંધાયા, સઘળા રોટેરીયન જગતમાં,
શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી થકી, હટી જશે પનોતી.

શું હું રોટરીના ધબકારનું ‘અમુલખ’ કારણ ખોલુ.?
સૌને થાય લાભદાયી, માનવતાની વાત છે મોટી.

## THE FOUR WAY TEST
of the things we think, say or do

I. is it the TRUTH?

II. is it FAIR to all concerned?

III. Will it build GOODWILL & BETTER FRIENDSHIPS?

IV. Will it be BENEFICIAL to all concerned?




UNITY BRANDING - 97276 75000

# સ્વતંત્રતાનો વરસાદ

**હવે શા કારણે, કોઇની સામે હું કોઇ ફરિયાદ કરુ?**
**પીધોછે,રોટરીમાં પ્રેમનો પ્યાલો એ ઘુંટડા યાદ કરુ.**
**રોટરી મહી અમુલખ ક્યારો, કોરો ન રહી જાય,**
**એટલેજ તો ધ્વજવંદનમાં સ્વતંત્રતાનો વરસાદ કરુ.**



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

આપણી રોટરી ક્લબના પ્રથમ બે મહીના આપ સૌના અનન્ય સહકારથી બહુજ સરસ રહ્યા. આમ તો રોટરીમાં કોઇને કોઇ પ્રકારની ફરિયાદ ન હોય, કેમ કે અહીં દરેક કંઇક દેવા આવેછે અને મિત્રતા અને આત્મિયતા નો પ્રસાદ મળે તે સ્વિકારી આનંદ લુટ્યા કરેછે. આ નેહના ઘુંટડા ના સ્વાદને વર્ણવી ન શકાય, પણ અનુભુતી ના ઓડકારમાં પણ ખુમારી હોય છે.

કોઇ અજાણ્યા માટે નિશ્વ્સાર્થ કામ કરવાનો અવસર રોટરીમાં ચોક્કસ મળેછે. સંતોષની સોડમ હ્રદયથી નીકળી જોજન સુધી પહોંચી જાયછે.

રોટરી માં કોઇ હોદ્દો મળે કે ન મળે પણ, પોત પોતાની રુચી અનુસાર જેટલી જવાબદારી લઇશુ એટલો કાર્ય કરવાનો ઉત્સાહ વધતો જશે. એક બીજાના પરિચયમાં આવવાથી કૌટુંબિક, સામાજીક અને આર્થિક રીતે સર્વાંગી વિકાસ થાય. અને સમાજમાં પણ રોટરીની કાર્યશૈલીની સરાહના થાય.

કાયમ પોતાના માટે જ કંઇક કરવા કરતા કોઇ અજાણ્યા માટે  સ્વાર્થ વગર સેવાના ભાવ સાથે કામ કરીએ ત્યારે વાસ્તવિકતાના ધોરણે અતિ પ્રસન્નતાના અધિકારી બની જવાય છે અને હાથમા લીધેલ કામ જરાય બોજારૂપ લાગતુ નથી. રોટરીમાં આવો રૂડો અમુલખ અવસર દરેકને મળે છે.

**જીવન સાથેનો પ્રેમ એટલે ઇશ્વર સાથે સીધો નાતો.**
**હુંફાળી અને હેતાળ મીઠી મીઠી,મધુર મધુર વાતો.**

આ ઉપરાંત કોરોનાના વિપરિત સમયમા પણ ક્લબ દ્વારા વિવિધ ઘણાજ કાર્યો થયાછે, જે સરાહનીયછે. આ માટે સમગ્ર ટીમને અભીનંદન, ભવિષ્યમાં પણ આવાજ સહકારની અપેક્ષા રાખીએ છીએ. ઉત્સાહી પ્રેસીડેન્ટ ડો. જગદીશ વઘાસીયા, સેક્રેટરી રો. કેતન પટેલ તથા સમગ્ર ટીમનો ધન્યવાદ માનીએ એટલો ઓછો.

(રત્ન કણીકા)

ચિંતાની ચિત્તા નહીં પણ, ચિંતનનો ચંદન લેપ કરો.
ચિંતા કરવાનુ કારણ હોય પણ ચિંતામાં અટવાઇ ન જવું.
રૂપિયો રળવામાં જ પરચુરણ થઇને માણસ વેર વિખેર થઇ જાય છે.
વાત એટલી જ કે જે ક્ષણે આપણે ચિંતા કરીએ
એ જ પળે હ્રદયની પ્રાર્થના થકી ચિંતન કરીએ તો? ? ?


Rotary District 3060
Rotary Opens Opportunities
TEAM PINNACLE
UNITY BRANDING - 97276 75000

# ROTARY CLUB OF SURAT EAST

## :: PHOTO GALLERY ::

















UNITY BRANDING - 97276 75000

# ROTARY CLUB OF SURAT EAST

## :: PHOTO GALLERY ::





































UNITY BRANDING - 97276 75000

# ROTARY CLUB OF SURAT EAST

## "ROTARY INTERNATIONAL NEWS"

Rotary International Convention held on 12 to 16 June, 2021 at Taipei, Taiwan.

| Regi. Category | 27 June-15th Dec.,2020 | 16 Dec-31st March,2021 |
|---|---|---|
| Club Member | $365 | $440 |
| 5-18 years | $10 | $20 |
| 0-5 Years | Free | Free |

- Cancellation Charge $50 upto 30 April,2021
- Registration is not Transferable

## MEDIA GALLERY




### અભિનંદન

ક્લબ મેમ્બર રો.ડો.અરવિંદ શિરોયાએ પ્લાઝમાં ડોનેશન કરેલ તેમજ ડો.અમુલખ સવાણી અને ડો.જગદિશ વઘાસિયાએ ૨ વખત પ્લાઝમા ડોનેશન કરેલ. ક્લબ વતી ત્રણેય મિત્રોને ખુબ ખુબ અભિનંદન.





**ગોવિંદભાઈ ધોળકિયા**
**શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટ**

આત્મિય અને સ્નેહી,
ડો. જગદીશ વઘાસીયા
રો. કેતન પટેલ

ડો. જગદીશ વઘાસીયા આપ રોટરી ક્લબ ઓફ સુરત ઇસ્ટ ના વર્ષ ૨૦૨૦-૨૧ માટે ક્લબ પ્રેસીડેન્ટ તરીકે અને રો. કેતન પટેલ, આપ સેક્રેટરી તરીકે આપની ફરજ પુરી પાડવાના છો એ જાણી ઘણોજ ખુશ થયો છુ. જગદીશ= જગત ના ઇશ્વર કેતન= ખરા તનથી અને મનથી કામ કરનાર.તો આપ પણ રોટરી ડીસ્ટ્રીક્ટ માં આપણી ક્લબનુ નામ રોશન કરો, પારદર્શકતા જાળવી રાખો સત્યને વળગી રહો અને સંઘભાવના થી સમાજલક્ષી કામ કરતા રહો. મને ગર્વ છે કે હું પણ રોટરી ક્લબ ઓફ સુરત ઇસ્ટનો સભ્ય છુ. કદાચ હું રુબરૂ ઓછો હાજર રહી શકુ છુ પણ પરોક્ષ રીતે રોટરીના કાર્ય વિષે જાણીને ખુશ થાઉછુ.મારા યોગ્ય કામ જણાવશો તો હું મારી જાતને ધન્ય સમજીશ.



**મનહરભાઈ સાંસપરા**
**એમડી, યુરો ઈન્ડીયા ફ્રેશ ફુડ પ્રા.લિ.**

ડો.જગદીશ વઘાસીયા
રો. કેતન પટેલ

ડો.જગદીશ વઘાસીયા આપ રોટરી ક્લબ ઓફ સુરત ઇસ્ટ ના વર્ષ ૨૦૨૦-૨૧ (૧-૭-૨૦૨૦ થી ૩૦-૬-૨૦૨૧) માટે ક્લબ પ્રેસીડેન્ટ તરીકે અને રો. કેતન પટેલ, આપ શ્રી ક્લબ સેક્રેટરી તરીકે નિમણુક થઇ છે. આપ બન્ને યુવા મિત્રો ને હ્રદયથી અભીનંદન. આપણી રોટરી ક્લબ બહુજ સરાહનીય કામ કરી રહી છે એમા પણ ખાસ આપણી ક્લબ દ્વારા dialysis center pp savani hospital અને diamond hospital , જે છેલ્લા બે વર્ષ થી કાયમી project હાથ ધર્યો છે , આ સામાજીક ઉમદા કાર્યને આપ વધુ આગળ ધપાવો એવી અભિલાષા. મને રોટરીમાં જોડાવાથી ખુબ ખુશી થઇ છે. રોટરીના સમાજલક્ષી કોઇ પણ કાર્ય માટે હું સદાય તૈયાર છુ.



**હિંમતભાઈ ધોળકિયા**
**શ્રી હરેકૃષ્ણ એક્ષ્પોર્ટ**

પ્રિય મિત્ર
ડો. જગદીશ વઘાસીયા
રો. કેતન પટેલ

ડો. જગદીશ વઘાસીયા આપ રોટરી ક્લબ ઓફ સુરત ઇસ્ટ ના આ વર્ષ માટે ક્લબ પ્રેસીડેન્ટ તરીકે અને રો. કેતન પટેલ, સેક્રેટરી તરીકે આપની વરણી થઇ છે એ બદલ અભીનંદન. સેવાના આ કાર્યમાં આપ ખુબજ ખંતથી અને ચોકસાઇ થી કાર્યો કરીને આપણી ક્લબને નવી ઉંચાઇએ લઇ જાઓ, એવી શુભકામનાઓ. Corona ની મહામારીના કપરા સમયમાં પણ આપ સુજબુજ થી કામ કરો છો એ ઘણીજ સારી અને ગૌરવ લેવા જેવી બાબત છે. મને ગર્વ છે કે છેલ્લા ૪ વર્ષ થી આપણી રોટરી ક્લબ ઓફ સુરત ઇસ્ટ નો સભ્ય છું સમાજલક્ષી કોઇ પણ કામમાં હંમેશા આપની સાથે છું.



**લવજીભાઈ બાદશાહ**
**અવધ ગ્રુપ**

ડો.જગદીશ વઘાસીયા
રો. કેતન પટેલ

ડો.જગદીશ વઘાસીયા આપ રોટરી ક્લબ ઓફ સુરત ઇસ્ટ ના વર્ષ ૨૦૨૦-૨૧ (૧-૭-૨૦૨૦ થી ૩૦-૬-૨૦૨૧) માટે ક્લબ પ્રેસીડેન્ટ તરીકે અને રો. કેતન પટેલ, આપ શ્રી ક્લબ સેક્રેટરી તરીકે નિમણુક થઇ છે.

આપશ્રી સુરત શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ તથા સામાજિક કાર્યો થકી "સેવા પરમો ધર્મ" સૂત્રને સાર્થક કરશો તથા શહેરીજનો અને જરૂરિયાતમંદોના હ્રદયમાં સ્થાન પ્રાપ્ત કરશો તેવી શુભકામનાઓ.